# એ.આઈ.સી.ટી.ઇ. એન.ઇ.પી. ૨૦૨૦ અમલીકરણ યોજના (Op-ed)

ડૉ. મનુ કે. વોરા (યુ.એસ.એ.) દ્વારા
(સભ્ય, એ.આઇ.સી.ટી.ઇ. એન.ઇ.પી. ૨૦૨૦ ઇમ્પ્લિમેંટેશન પ્લાન સ્ટ્રેટજી કમિટી)

વર્ષ ૧૯૮૬ બાદ, ૨૯ જુલાઈ, ૨૦૨૦ ના રોજ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એન.ઈ.પી.) ૨૦૨૦ ને ભારતીય મંત્રીમંડળ દ્વારા મોટા પાયે ફેરફાર સાથે મંજૂરી આપવામાં આવી. અત્યંત મહત્વકાંક્ષી એન.ઇ.પી. ૨૦૨૦ ડૉ. કે. કસ્તુરીરંગનના સક્ષમ નેતૃત્વ હેઠળ વિકસાવવામાં આવી હતી. જેમ કે આપણે સૌ જાણીએ છીએ કે કાર્ય વિના આયોજન નિરર્થક છે, તથા આયોજન વિનાનું કાર્ય વિનાશક હોઈ શકે છે. એન.ઈ.પી. ૨૦૨૦ તૈયાર થવાની સાથે, વાસ્તવિક પડકાર છે ભારતમાં શિક્ષણ ક્ષેત્રે  તેને સફળતાપૂર્વક અમલમાં મૂકવાનું.

એન.ઇ.પી. ૨૦૨૦ પર વ્યાપક ચર્ચા-વિચારણા કર્યા પછી, ઑક્ટોબર ૨૦૨૦ માં 'ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર  ટેક્નિકલ એજ્યુકેશન (એ.આઈ.સી.ટી.ઇ.)' ના અધ્યક્ષ પ્રો. અનિલ સહસ્રબુધ્ધે દ્વારા ઉચ્ચ શિક્ષણમાં એન.ઈ.પી.  ૨૦૨૦ ના અમલીકરણ માટે એક વિશેષ કમિટીની રચના કરવામાં આવી. કમિટીને ઉચ્ચ શિક્ષણ માટે એન.ઈ.પી. ૨૦૨૦ ના અમલીકરણની યોજના તૈયાર કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું. કમિટીના સભ્યોમાં પદ્મ શ્રી પ્રો. સંજય ધાંડે, અધ્યક્ષ, પ્રો. પ્રેમ વ્રત, પ્રો. અશોક શેટ્ટર, પ્રો. રજનીશ અરોરા, પ્રો. સુભાસીસ માજી, પ્રો. અર્ચના મંત્રી, પ્રો. સથંસ સુહાગ, પ્રો. રાજુલ અસ્થાના, પ્રો. મમતા રાની અગ્રવાલ અને ડો. મનુ કે.વોરા નો સમાવેશ થાય છે. ભારતના સુવિખ્યાત શિક્ષણવિદો સાથે જોડાવવું એ સન્માનની વાત છે. કમિટીના સભ્યોએ વર્ચુઅલ મિટિંગમાં ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરી એન.ઈ.પી. ૨૦૨૦ ના અમલીકરણ માટે એક માર્ગદર્શિકા તૈયાર કરી. એ.આઈ.સી.ટી.ઇ. ટીમના સભ્યો અધ્યક્ષ પ્રો. અનિલ સહસ્રબુધ્ધે, ઉપાધ્યક્ષ પ્રો. એમ.પી. પૂનિયા, સભ્ય સચિવ પ્રો. રાજીવ કુમાર, અને ડિરેક્ટર કર્નલ બી. વેંકટે એન.ઈ.પી. ૨૦૨૦ ના અમલીકરણ માટે તમામ મુદ્દાઓને પ્રકરણ અનુસાર અંતિમ સ્વરૂપ આપી ખૂબ જ પ્રશંસનીય કાર્ય કર્યું છે.

એન.ઈ.પી. ૨૦૨૦ અમલીકરણ યોજનામાં નવ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા: ૧) વિવિધ શાખાકીય અને હોલીસ્ટીક એજ્યુકેશન ૨) ઉચ્ચ શિક્ષણમાં ન્યાયસંગતતા અને સમાવિષ્ટતા ૩) સંશોધન, નવીનતા અને રેન્કિંગ્સ ૪) ઉચ્ચ શિક્ષણનું વૈશ્વિક પ્રસરણ ૫) પ્રેરિત, ઉત્સાહિત, અને સક્ષમ ફેકલ્ટી ૬) સંકલિત ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા ૭) સંચાલન અને નિયમન ૮) ભારતીય ભાષાઓ, કળા અને સંસ્કૃતિને પ્રોત્સાહન અને ૯) ટેક્નોલૉજીનો ઉપયોગ અને સમન્વય. એન.ઈ.પી. ૨૦૨૦ અમલીકરણ યોજના એ ટૂંકા ગાળાના (૨૦૨૧), મધ્યમ ગાળાના (૨૦૨૨ – ૨૦૨૫) અને લાંબા ગાળાના (૨૦૨૬-૨૦૩૫) લક્ષ્યો પર કેન્દ્રિત હોઇ, વર્ષ ૨૦૩૫ સુધી ભારતમાં શ્રેષ્ઠ શિક્ષણ પ્રણાલીનું લક્ષ્ય રાખે છે.

કમિટીએ એન.ઈ.પી. ૨૦૨૦ ના અમલની શરૂઆતથી જ તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (એચ.ઈ.આઈ.) ને પ્રાચીન અનુભવ-જ્ઞાનના આધારે મૂલ્યોનું શિક્ષણ અને ભારતમાં વાઇબ્રન્ટ નોલેજ સોસાયટીની સ્થાપના કરવાના ઉદ્દેશ્યથી અસરકારક વિઝન, મિશન, મૂલ્યો, લક્ષ્યો અને ઉદ્દેશ્યો ની રચના કરવાની ભલામણ કરી હતી. ટૂંકા ગાળાના મુખ્ય લક્ષ્યોમાં એસેસમેન્ટ ટૂલ્સ સાથે અભ્યાસક્રમનું તાત્કાલિક પુનરાવર્તન, મલ્ટિપલ એક્ઝિટ તથા પુનઃપ્રવેશના વિકલ્પો સાથેનું ૩ અથવા ૪ વર્ષનું યુ.જી. એજ્યુકેશન, ક્રેડિટની ટ્રાન્સફર માટે એકેડેમિક બેંકની સ્થાપના, પ્રવેશ, ન્યાયસંગતતા, ગુણવત્તા, પરવડે તેવું અને સર્વને

જવાબદારી, શિક્ષણના તમામ સ્તરો પર પ્રાદેશિક ભાષાને પ્રોત્સાહન આપવું અને શાળાકીય અને ઉચ્ચ શિક્ષણનો સમન્વય વગેરેનો સમાવેશ થાય છે.

મધ્યમ-ગાળાના મુખ્ય લક્ષ્યોમાં ભારતમાં વિદ્યાર્થીઓની મોબિલિટી, તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વ્યવસાયિક શિક્ષણના કાર્યક્રમોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવું, નીતિઓ બનાવવી, વ્યવસાયિક, તકનીકી, ઉદારવાદી, તબીબી, કાયદાકીય, કૃષિ વગેરે તમામ પાસાઓમાં અમલીકરણની માર્ગદર્શિકા તૈયાર કરવી તેમજ એડલ્ટ એજ્યુકેશન માટે મજબૂત અને નવીન સરકારી પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

લાંબા ગાળાના લક્ષ્યોમાં સમાવેશ થાય છે એન.ઈ.પી. ૨૦૨૦ નું વિઝન સ્ટેટમેન્ટ જે સફળતાપૂર્વક પ્રાપ્ત કરવાનું છે, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું વિવિધ શાખાઓ ધરાવતી યુનિવર્સિટીઓમાં રૂપાંતરણ, કોલેજોને પારદર્શક ગ્રેડેડ એક્રેડિશન પદ્ધતિથી ગ્રેડેડ ઑટોનોમી આપવી, દરેક જિલ્લામાં અથવા જિલ્લાની નજીક ઓછામાં ઓછી એક વિવિધ શાખાકીય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાની સ્થાપના અથવા રૂપાંતરણ, શાળાના શિક્ષકો માટે લઘુતમ લાયકાત ૪ વર્ષની બી. એડ. ડિગ્રી, સંસ્કૃત યુનિવર્સિટીઓ ઉચ્ચ શિક્ષણ માટેની મોટી વિવિધ શાખાકીય સંસ્થાઓ બનવા તરફ પ્રયાણ, અને સંસ્કૃત વિભાગની સ્થાપના / સશક્તતા.

કેટલાક મહત્વપૂર્ણ ઇનપુટ્સ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા કોર્ષ અપગ્રેડ, પ્લેસમેન્ટ, સંચાલન અને વિશેષ પ્રોજેક્ટ્સના સંસાધનો માટે ઇનપુટ્સ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બધા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ દરમિયાન સામાજિક કાર્યોમાં પ્રવૃત્ત કરી સમાજને ઉપયોગી થવા અને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી થઈ સોશિયલ એન્ટરપ્રોનિઅર તરીકે તૈયાર થવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

શિક્ષણ, સરકાર, કોર્પોરેટ, વ્યવસાયિક અને નોન પ્રોફિટ ક્ષેત્રોના ૧૫ ચેન્જ મેનેજમેન્ટના ક્ષેત્રોમાં અગ્રણી તથા કોચિંગ કરાવતા, ૩૫ વર્ષનો લેખનનો અનુભવ ધરાવતા તેઓએ વ્યક્તિઓને જે તે વિષય સંબંધિત તાલીમ આપીને તેઓમાં સફળતાપૂર્વકનો બદલાવ જોયો છે. અંતે, લેખકે વહીવટ / નેતૃત્વ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ (એફ.ડી.પી.) (સંસ્થા દીઠ એક) માટે ચોક્કસ સૂચન કર્યું, જેમાં ૧) ચેન્જ મેનેજમેન્ટ ૨) સ્વ મૂલ્યાંકન માટે યુ.એસ. બાલડ્રિજ એજ્યુકેશન પર્ફોર્મન્સ એક્સેલન્સ ફ્રેમવર્ક અને 3) સમુદાયની સેવાનું મહત્વ નો સમાવેશ થાય છે. પ્રોજેક્ટના લીડર્સ માટે (સંસ્થા દીઠ એક) ૧) પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને ૨) રિસ્ક મેનેજમેન્ટ પર એફડીપી. અને અંતે, તમામ ફેકલ્ટી માટે સોફ્ટ સ્કિલ્સ એફ.ડી.પી.

નિષ્કર્ષમાં, એન.ઈ.પી. ૨૦૨૦ અમલીકરણ એક બદલાવની સફર છે જેમાં લેસર-શાર્પ ફોકસની યુદ્ધના ધોરણે જરૂર પડશે. આપણે દરેક સહભાગીઓને કુશળતા, અનુભવ અને જ્ઞાનના સામંજસ્યથી સશક્ત બનાવવાની જરૂર છે. દરેક સહભાગીઓને જરૂરી પ્રશિક્ષણ આપવું જોઈએ. ભારતે શિક્ષણમાં વિશ્વની શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવાની જરૂર છે. એન.ઈ.પી. ૨૦૨૦ ના અમલીકરણ માટે એક્ઝિક્યુશન ડિસિપ્લિનનું વાતાવરણ નિર્માણ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. ચોક્કસ પરિણામ માટે જવાબદારી નક્કી કરવી જરૂરી છે. દરેક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને એકબીજાની સારી પદ્ધતિઓ / પ્રણાલીઓ આત્મસાત કરવા માટે પ્રોત્સાહન આપવાની જરૂર છે. અંતે, એન.ઈ.પી. ૨૦૨૦ ના અમલમાં સરકાર તરફથી સહેજ પણ રાજકીય દખલ ન હોવી

જોઈએ. આ નીતિ નવા ભારતના સશક્તિકરણ માટે માત્ર પરિવર્તનશીલ નથી, પરંતુ જો સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવે તો, તે માત્ર વિકાસશીલ દેશો માટે જ નહીં પરંતુ શિક્ષણ ક્ષેત્રે વિકસિત દેશો માટે પણ એક રોલ મોડેલ અને દીવાદાંડી બની શકે છે.

**ડૉ. મનુ કે. વોરા, યુ.એસ.એ. ના બિઝનેસ એકસેલેન્સ, ઇન્ક. ના અધ્યક્ષ અને પ્રમુખ છે (manuvora@b-einc.com**

સંપર્ક: ડો. મનુ કે. વોરા, એમ.બી.એ., યુ.એસ.એ.
સભ્ય, એ.આઇ.સી.ટી.ઇ એન.ઇ.પી. ૨૦૨૦ ઇમ્પ્લિમેંટેશન પ્લાન સ્ટ્રેટજી કમિટી, ભારત, ૨૦૨૦
ચેરમેન અને પ્રેસિડેન્ટ, બિઝનેસ એક્સેલન્સ, ઇન્ક., યુએસએ, વર્ષ ૨૦૦૦ થી
ફુલબ્રાઇટ નિષ્ણાત, યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ, ૨૦૧૬-૨૦૨૩
આઈ.આઈ.ટી. (બી.એચ.યુ), વારાણસી, ભારત, બી. ટેક. (ઓનર્સ), કેમિકલ એન્જિનિયરિંગ, ૧૯૬૮
આઈ.આઈ.ટી. શિકાગો, યુ.એસ.એ., એમ.એસ., ૧૯૭૦ અને પીએચ.ડી., ૧૯૭૫, કેમિકલ એન્જિનિયરિંગ
કીલર ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ મેનેજમેન્ટ, શિકાગો, યુ.એસ.એ., એમ.બી.એ., ૧૯૮૫